THE EDUCATION STATE

EARLY CHILDHOOD

# સંક્રમણ: શાળાએ જવાની એક હકારાત્મક શરૂઆત

## પરિવારો માટે માહિતી પત્રક

**તમે અને તમારું બાળક આ વર્ષમાં આવી ગયાં છો, શાળા શરૂ થવામાં હજુ ઘણી વાર છે. શાળાની શરૂઆત પડકારરૂપ અને જુસ્સાવાન હોઇ શકે છે અને આ માહિતી પત્રક બાળપણ પહેલાનો કાર્યક્રમ વર્ષ દરમિયાન તમે અને તમારા બાળકના શાળાના સંક્રમણને કેવી રીતે સમર્થન આપશે તે વિશેની કેટલીક માહિતી પૂરી પાડે છે.**

તમારા બાળકે જીવનમાં પહેલાંથી જ ઘણાં નાના અને મોટાં સંક્રમણોનો અનુભવ કર્યો છે. તમારું બાળક નવા/ઓછાં પરિચિત પર્યાવરણ સાથે કેવી રીતે પ્રતિક્રિયા કરે છે (ઉદાહરણ તરીકે, જ્યારે તમે રજા પર જાઓ, બાળ સંભાળ અથવા બાળવાડી શરૂ કરો, રમતગમત રમવા જાઓ, એક પ્રવૃત્તિથી બીજી પ્રવૃત્તિ અથવા નિત્યક્રમ અન્ય પર બદલો) એ તમારું બાળક નવી પરિસ્થિતિઓ સામે કેવી પ્રતિક્રિયા આપે છે અને તેમને શ્રેષ્ઠત્તમ કેવી રીતે સમર્થન આપવું તેનું ચિત્ર રજૂ કરે છે.

### શાળાએ જવાની હકારાત્મક શરૂઆત શા માટે અગત્યની છે?

શાળાએ જવાની એક હકારાત્મક શરૂઆત સંક્રમણ અને તે પછીના સમય દરમિયાન તમારા બાળક માટે બહેતર શિક્ષણ અને સુખાકારી તરફ દોરી જાય છે. તે તમારા બાળકની શીખવાની અને વિકાસની સાતત્યતાને સમર્થન આપવામાં સહાય કરે છે અને તેમને સુરક્ષિત અનુભવવા, વિશ્વાસ કેળવવા અને નવા લોકો અને સ્થળો સાથે જોડાવામાં સમર્થન આપે છે.

### શાળામાં તમારા બાળકની નોંધણી

મોટાભાગની પ્રાથમિક શાળાઓ તેમની નોંધણીની પ્રક્રિયાઓ બાળકો શાળાની શરૂઆત કરે તેના એક વર્ષ પહેલાં, મે માસમાં શરૂ કરી દે છે. જ્યારે તમે શાળામાં તમારા બાળકની નોંધણી કરાવો, ત્યારે શાળાએ જવાની શરૂઆતના કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ મારફતે શાળાને જાણવાની તકોને વધારી શકો છો. સૌથી વધુ અસરકારક શરૂઆત વર્ષ સમાપ્તિની તરત પહેલાં શરૂ થાય છે અને શાળાએ જવાના પ્રથમ થોડાં દિવસો સુધી વિસ્તરે છે.

### શાળાએ જવાની શરૂઆત કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ

શાળાએ જવાની શરૂઆત કાર્યક્રમો અને પ્રવૃત્તિઓમાં ભાગ લેવાથી તમે અને તમારા બાળકને શાળા કેવી છે તે સારી રીતે સમજવા અને અન્ય બાળકો અને પરિવારો કે જેઓ શાળાની મુલાકાત લઈ રહ્યાં હશે તેમની સાથે મિત્રતા કેળવવામાં સહાય કરશે.

### ઉત્તરોત્તર અભ્યાસ અને વિકાસનું નિવેદન

તમારા બાળકના બાળપણના શિક્ષક *Transition Learning and Development Statement* (ઉત્તરોત્તરનું નિવેદન) લખી આપશે. આ ઉત્તરોત્તરનું નિવેદન તમારા બાળકની રુચિ, કુશળતા અને અવડતનો સારાંશ જણાવશે. તે વ્યક્તિગત અભિગમ અને શિક્ષણની વ્યુહરચનાઓને પણ ઓળખી કાઢશે જેથી તમારા બાળકની શાળા અને પાઠ શિક્ષક ઝડપથી તમારા બાળકને જાણી શકે અને યોગ્ય શિક્ષણ અને શીખવાના કાર્યક્રમોની યોજના બનાવી શકે.

જો તમે તમારા બાળકને શાળાના સમય સિવાયની સંભાળ (OSHC) સેવામાં મોકલવાની યોજના બનાવી રહ્યાં હોવ, તો ઉત્તરોત્તરનું નિવેદન OSHC સેવા સાથે પણ શેર કરવામાં આવી શકે છે. ઉત્તરોત્તરનું નિવેદન OSHC અધ્યાપકોને તમારા બાળકની રૂચિ અનુસાર યોજના બનાવવા અને બાળપણ, શાળા અને OSHC વચ્ચે સાતત્યતા જાળવવામાં સમર્થન આપે છે.

ઉત્તરોત્તરનું નિવેદન તમારું બાળક જે રીતે શાળામાં શીખે છે તે સમજવા, સમર્થન આપવા, તે વિશે સંચાર કરવા અને તરફદારી કરવામાં તમારી સહાય કરી શકે છે. તમને તમારા બાળકના સંપૂર્ણ ઉત્તરોત્તરના નિવેદનની નકલ પૂરી પાડવામાં આવશે.

તમારા બાળકનું ઉત્તરોત્તરનું નિવેદન તમારા બાળકનું નામ, જન્મ તારીખ અને ફોટા ઉપરાંત તમારું નામ અને સંપર્ક વિગતો સહિત, તમારા બાળક વિશે કેટલીક વ્યક્તિગત માહિતી સમાવે છે. જ્યારે તે સંબંધિત હોય, ત્યારે તે અન્ય બાળપણ પ્રોફેશનલો કે જેઓ તમારા બાળકનું સમર્થન કરી રહ્યાં હોય તેમનું નામ અને સંપર્ક વિગતો પણ સમાવશે.

ઉત્તરોત્તરનું નિવેદન સામાન્ય રીતે સત્ર 4 માં લખવામાં આવે છે, પરંતુ જો તમારું બાળક અપંગતા અથવા વિકાસલક્ષી વિલંબ ધરાવતું હોય, તો તમારા બાળકના બાળપણના શિક્ષક જરૂરી સમાવેશક સમર્થનો વિશે તમારા અને તમારા બાળકની પસંદ કરેલ શાળા માટે વાર્તાલાપની શરૂઆત કરવા માટે જૂન/જુલાઇ આસપાસ એક પ્રારંભિક ઉત્તરોત્તરનું નિવેદન લખી શકે છે.

તમે તમારા બાળક વિશે ઘણું બધુ જાણતા હોવાથી નિવેદન પર તમારું યોગદાન મૂલ્યવાન છે. તમને ઉત્તરોત્તરનું નિવેદન ભરવા માટે આમંત્રિત કરવામાં આવશે. ઉત્તરોત્તરના નિવેદનનો આ વિભાગ ભરવાથી શાળાને એ જાણવા મળશે કે તેઓ તમને અને તમારા બાળક બન્નેને શાળાની શ્રેષ્ઠ શરૂઆત કરવામાં કેવી રીતે સહાય કરી શકે.

તેમાં તમારા બાળક માટે ભરવાનો પણ એક વિભાગ છે (એક પુખ્ત વયની વ્યક્તિની મદદથી, જે તમે અથવા બાળપણના શિક્ષક હોઈ શકે છે). આ વિભાગમાં સામાન્ય રીતે ચિત્રનો સમાવેશ થાય છે અને તમારું બાળક શું જાણવા માટે ઉત્સુક છે અને શાળાની શરૂઆત થવા વિશે તે શું વિચારે છે તેની નોંધ કરે છે.

VICTORIA State Government | Education and Training

## તમારા બાળકની શાળા સાથે માહિતી કેવી રીતે શેર કરવામાં આવે છે

2018 થી, ઉત્તરોત્તરનું નિવેદન *Insight Assessment Platform* (આકારણી ટૂલ્સ/ઇન્સ્ટ્રુમેન્ટ્સ સમાવતુ એક ઑનલાઇન પ્લેટફોર્મ) પર હોસ્ટ કરવામાં આવેલ એક ઑનલાઇન ટૂલની મદદથી પૂર્ણ કરી, શેર કરી અને સંગ્રહિત કરવામાં આવશે. *Insight Assessment Platform* પર હોસ્ટ કરવામાં આવેલ બધી માહિતી ઓસ્ટ્રેલિયાની અંદર સુરક્ષિત રીતે સંગ્રહિત થાય છે.

*Insight Assessment Platform* તમામ વિક્ટોરિયન સરકારી શાળાઓમાં ઉપયોગમાં લેવાય છે અને શાળાઓને તમારા બાળકના શિક્ષણ અને વિકાસનો સ્થિર રેકોર્ડ બનાવવાની મંજૂરી આપે છે. કેટલીક કેથોલિક અને સ્વનિર્ભર શાળાઓને પણ *Insight Assessment Platform* મારફતે તમારા બાળકનું ઉત્તરોત્તરનું નિવેદન પ્રાપ્ત થઈ શકે છે અથવા તેઓને તમારા બાળકની બાળપણ સેવા તરફથી પેપર-આધારિત અથવા ઇલેક્ટ્રોનિક નકલ પ્રાપ્ત થશે.

શિક્ષણ અને તાલીમ વિભાગ (ડિપાર્ટમેન્ટ) બાહ્ય સેવા પ્રદાતાઓ સાથે તેના કેટલાક ફંક્શનોનો કરાર કરે છે. આ જ્યાં બને છે ત્યાં કરાર પ્રક્રિયાના ભાગરૂપે ડિપાર્ટમેન્ટ દ્વારા ડેટા સુરક્ષાના માપનો જરૂરી છે. ડિપાર્ટમેન્ટના માહિતી ગોપનીયતા નીતિના www.education.vic.gov.au/Pages/privacypolicy અનુપાલનને સુનિશ્ચિત કરવા માટે ડિપાર્ટમેન્ટ, *Insight Assessment Platform* ની ગોપનીયતા અસરની આકારણી હાથ ધરે છે.

ઉત્તરોત્તરના નિવેદનો અને  કેટલાક શાળા પ્રવેશ ડેટાની માહિતીનો ઉપયોગ દેખરેખ અને સંશોધનના હેતુઓ માટે ડિપાર્ટમેન્ટ દ્વારા કરવામાં આવી શકે છે. આ માહિતી આંકડાકીય સ્વરૂપમાં રજૂ કરવામાં આવશે (દા.ત. સંખ્યાઓ અને આલેખ) અને વ્યક્તિગત બાળકો નામ રજૂ કરવામાં આવશે નહીં.

*Insight Assessment Platform* વિશે વધુ માહિતી માટે, psts@edumail.vic.gov.au પર શિક્ષણ અને તાલીમ વિભાગનો સંપર્ક કરો.

## વધુ માહિતી માટે

કૃપા કરીને www.education.vic.gov.au/transitiontoschool ની મુલાકાત લો

આ દસ્તાવેજનો ઘણી ભાષાઓમાં અનુવાદ કરવામાં આવ્યો છે જે www.education.vic.gov.au/transitiontoschool પર ઉપલબ્ધ છે